# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-03-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી : કૃષિ વેબિનાર :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે કૃષિ એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે અને લાંબાગાળાની વિકાસ યાત્રાનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. ગઈ કાલે વિડીયો કોન્ફરન્સ દ્વારા કૃષિ અને ગ્રામીણ પરિવર્તન પર બજેટ પછીના વેબિનારને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે સરકારે કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે નિયમિતપણે અનેક પગલાં લીધાં છે.

---------------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી : ઓરિસ્સા નકસલવાદ :

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે આ મહિનાના અંત સુધીમાં દેશ નક્સલવાદથી મુક્ત થઈ જશે. ઓડિશાના કટકમાં કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ – CISF ના 57મા સ્થાપના દિવસ સમારોહમાં, શ્રી શાહે જણાવ્યાં હતું કે સુરક્ષા દળો તિરુપતિથી પશુપતિનાથ સુધી ફેલાયેલા રેડ કોરિડોરના માઓવાદીઓના સ્વપ્નને સંપૂર્ણપણે તોડી નાખશે.

---------------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય વાણીજ્ય – ઉદ્યોગમંત્રી :

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે સરકાર દેશના નિકાસકારોને ટેકો આપવા માટે તમામ નીતિગત પગલાં અને નિકાસ પ્રોત્સાહન મિશનનો ઉપયોગ કરશે. નવી દિલ્હીમાં, શ્રી ગોયલે અમેરિકા-ઇઝરાયલ અને ઈરાન સંઘર્ષને કારણે વેપારમાં ઊભી થયેલી અડચણો વિશે વાત કરી. સરકારે આ મુદ્દાઓ પર દૈનિક ધોરણે વિચારણા કરવા માટે એક

આંતર-મંત્રી જૂથની રચના કરી છે. ભારત માલ અને સેવા ક્ષેત્રમાં વિદેશી ખરીદદારોને આપેલા તમામ વચનો પૂર્ણ કરવાનું ચાલુ રાખશે. તેમણે ખાતરી આપી હતી કે સરકાર ઉદ્યોગો સાથે ઉભી છે અને તમામ આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓ પૂર્ણ થાય તેની ખાતરી આપે છે.

---------------------------------------------------------------------------------------------------

## UPSC પરીક્ષા પરિણામ :

UPSC- સિવિલ સર્વિસીસ પરીક્ષા-2025માં આ વખતે ગુજરાતનાં ઉમેદવારોનું વિક્રમજનક પરિણામ આવ્યું છે. ગઈ કાલે જાહેર થયેલા પરિણામમાં રાજ્યની પ્રતિષ્ઠિત સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા- સ્પીપાના 34 વિદ્યાર્થીઓ સફળ થયા છે. ઉલ્લેખનીય છે કે UPSC- સિવિલ સર્વિસીસ પરીક્ષા-2025નું અંતિમ પરિણામ ગઈ કાલે જાહેર થયું. જેમાં સમગ્ર દેશમાંથી 958 ઉમેદવારો નાગરિક સેવાઓ માટે પસંદગી પામ્યા છે.

રાજ્યના નિસાર દિશાંતે 19મો ક્રમ હાંસલ કર્યો. તેમણે જણાવ્યું હતું કે, આ વખતે IAS કેડર મળશે તેવી આશા વ્યક્ત કરી હતી. દરમિયાન સુરતમાં સબ રજિસ્ટ્રાર કચેરીમાં ફરજ બજાવતા મિહિર પટેલ પણ સફળ થયા છે. મૂળ નવસારી જિલ્લાનાં ગણદેવી તાલુકાના નાંદરખા ગામના 26 વર્ષીય મિહિર પટેલે ઓલ ઇન્ડિયા રેન્ક 709 હાંસલ કરી આ સિદ્ધી મેળવી છે.

---------------------------------------------------------------------------------------------------

## રાજ્ય : PM RAHAT યોજના કાર્યશાળા :

માર્ગ અકસ્માત પીડિતોની સારવાર માટે શરૂ કરાયેલી PM-RAHAT યોજનાના અસરકારક અમલીકરણ માટે ગાંધીનગર ખાતે રાજ્યસ્તરીય કાર્યશાળા યોજાઇ. જેમાં ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળના કમિશનર સતિષ પટેલે PM-RAHAT યોજનાનો સમીક્ષાત્મક પરિચય આપ્યો અને જણાવ્યું કે માર્ગ અકસ્માત બાદ ગોલ્ડન અવરમાં મળતી સારવાર પીડિતનું જીવન બચાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે વિવિધ વિભાગો વચ્ચે સુમેળ અને સંકલન મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

---

## રાજ્ય : ઉમરેઠના ધારાસભ્યનું નિધન :

ઉમરેઠ બેઠકના ધારાસભ્ય તેમજ ભાજપ નેતા ગોવિંદભાઈ રાયજીભાઈ પરમારનું હૃદયરોગના હુમલાથી નિધન થયું છે. તેઓ 15મી ગુજરાત વિધાનસભાના સભ્ય હતા.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના રાજકીય અગ્રણીઓએ તેમના અવસાન પર ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

---

## હવામાન :

કચ્છમાં સવારે અનુભવાતા ઝાકળિયા અને દિવસે અનુભવાતા ઉકળાટભર્યા માહોલ વચ્ચે જિલ્લામાં તાપનો પ્રભાવ વધ્યો છે. ગઈ કાલે જિલ્લા મથક ભુજ મહત્તમ તાપમાન 37.2 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું મોખરાનું ગરમ મથક રહ્યું હતું. ભુજને બાદ કરતાં કચ્છનાં અન્ય મથકોમાં મહત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો હતો.

---

## કચ્છ: ભુજમાં હનુમંત ચરિત્ર યુવા કથા :

જીલ્લા મથક ભુજમાં ગઈકાલે રાજગોર હરિશંકર દેવજી અજાણી ફાઉન્ડેશનના ઉપક્રમે હનુમંત ચરિત્ર યુવા કથાનો પ્રારંભ થયો. સાળંગપુર ધામના સ્વામી હરીપ્રકાશદાસજી હનુમંત ચરિત્ર યુવા કથાનું વાંચન કરશે.

---

## કચ્છ : રાપર વિધાનસભા :

રાપર વિધાનસભા જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજના પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજા ના હસ્તે રૂપિયા ૧૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગણેશપર થી

બંભાડકા 4 કી.મી રોડનું રૂપિયા 3 કરોડ નું રી સર્ફાસિંગ કામગીરીનું ખાતમુહૂર્ત અને ખારોડા રોડનું 1.90 કરોડના ખર્ચે રિ-સરફાસિંગ બાદ બામભડકા ગામ નજીક ખડિર્ નાં આગેવાનો, ગ્રામજનો ની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------